647510 **MA01GujC0110** **Seat No :________**

# M.A. (GUJARATI) Semester - 1 (*CBCS*) Examination
# Feb/Mar. -2021 (OLD COURSE)
# BHASHA-SAHITYAKAUSHAL(CORE)

**Time: 1:30 Hours** **Marks: 42**

**Instructions:**

1. Figures to the right indicate marks.
2. There are five questions in the question paper.
3. Answer any three of the following questions.

---

પ્રશ્ન.૧ નીચે આપેલ કાવ્યનું રસદર્શન કરાવો. (૧૪)

કોણે કીધું ગરીબ છીએ? કોણે કીધું રાંક?
કાં ભૂલી જા, મન રે ભોળા! આપણા જુદા આંક.
થોડાક નથી સિક્કા પાસે, થોડીક નથી નોટ.
એમાં તે શું બગડી ગયું? એમાં તે શી ખોટ?
ઉપરવાળી બેન્ક બેઠી છે, આપણી માલંમાલ,
આજનું ખાણું આજ આપેને કાલની વાતો કાલ.
ધૂળિયે મારગ કૈંક મળે જો આપણા જેવો સાથ.
સુખ દુઃખની વારતા કે'તા બાથમાં ભીડી બાથ.
ખુલ્લાં ખેતર અડખે-પડખે, માથે નીલું આભ,
વચ્ચે નાનું ગામડુ બેઠું, ક્યાં છે આવો લાભ?
સોનાની તો સાંકડી ગલી, હેતુ ગણતું હેત.
દોઢિયા માટે દોડતાં એમાં, જીવતાં જોને પ્રેત.
માનવી ભાળી અમથુ અમથુ આપણું ફોરે વહાલ,
નોટને સિક્કા નાખ નદીમાં, ધૂળિયે મારગ ચાલ.

- મકરંદ દવે

પ્રશ્ન.૨ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

"કોઇપણ સાહિત્યકૃતિ પોતાના વિશિષ્ટ જીવન-દર્શન વિનાની હોતી નથી, પ્રત્યેક કવિની નાનામાં નાની કૃતિમાંથી પણ તેની વિશિષ્ટ જીવનદ્રષ્ટિ ધ્વનિત થતી હોય છે. અને એટલા માટે જ કવિને દ્રષ્ટા પણ કહેલો છે. તો હવે જે પોતે દ્રષ્ટા છે, તેના સર્જનને તમે દર્શન વિના મૂલવવાનો પ્રયત્ન કરો એ ચાલે જ શી રીતે? તમે માત્ર એના કૌશલ્યની જ પરીક્ષા કરો, એની જ કદર કરો, એનું જ મૂલ્ય આંકો અને એ કૌશલ્યની પાછળ કવિનું જે વિશેષ દર્શન રહેલું છે, તેનો વિચાર જ ન કરો એ શી રીતે ચાલે? એટલે આમ કેવળ કવિકૌશલ્યનો જ વિચાર કરીને કરેલું મૂલ્યાંકન સદા અધુરૂં જ રહેવાનું. કાવ્યનું સર્જન જેમ દર્શનમાંથી થાય છે તેમ કાવ્યનું સાચુ પરીક્ષણ પણ દર્શન જ કરી શકે છે."

- નગીનદાસ પારેખ

પ્રશ્ન.૩ ગદ્યખંડનું સારલેખન કરો. (૧૪)

"કુદરત માણસને જીવન બક્ષે છે. એ જીવનને શુધ્ધ, સમૃધ્ધ, પ્રસન્ન, ગંભીર અને વૈવિધ્યપૂર્ણ બનાવવાના પ્રયત્નમાં માણસે સંસ્કૃતિ ખીલવી. પથ્થરમાંથી જેમ મૂર્તિ બનાવીએ છીએ, ધ્વનિમાંથી સંગીત ઉપજાવીએ છીએ, ઘર્ષણમાંથી જેમ જવાળા સળગાવીએ છીએ, તેમજ જીવનમાંથી સંસ્કૃતિ ખીલવીએ છીએ. જીવન એ પ્રકૃતિ છે, સંસ્કૃતિએ એનો ઓપ છે. જીવનનો સંસ્કારિતાનો ઓપ ધારણ ન કરે તો એ પરિપુષ્ટ છતાં કૃતાર્થ થઈ ન શકે અને સંસ્કૃતિ જો જીવનને વફાદાર ન રહે તો પોલાપણું આવે, એટલું જ નહિ પણ વિકૃતિ પેદા થઈને દુર્ગંધ જ છૂટે. જીવન જો ધરતી હોય તો સંસ્કૃતિ એનું સ્વર્ગ છે. એ બે વચ્ચે જો અનુસંધાન ન સધાય તો બંને વ્યર્થ થઈ જાય."

- સુંદરમ્

પ્રશ્ન.૪ છંદ એટલે શું? છંદના પ્રકારો જણાવી, મંદાક્રાન્તા અને શિખરિણી છંદનું બંધારણ દ્દષ્ટાંત સાથે સમજાવો. (૧૪)

પ્રશ્ન.૫ નીચેનામાંથી કોઇપણ બે પ્રશ્નોના જવાબ આપો. (૧૪)

1. પ્રૂફરીડિંગ એટલે શું? પ્રૂફ સુધારણા માટેની સંજ્ઞાઓ જણાવો.
2. જોડણી વિચાર એટલે શું? તેના પ્રકારો ચર્ચો.
3. વર્ણાનુપ્રાસ અને શબ્દાનુપ્રાસ અલંકાર વિશે દ્દષ્ટાંત સહિત ચર્ચા કરો.
4. મનહર અને પૃથ્વી છંદની સદ્દષ્ટાંત ચર્ચા કરો.

**********************************